# ડીસામાં દબાણકારો પર પાલિકાનો સપાટો







## ત્રણ રાજ માર્ગોના નિવિનીકરણમાં ત્રણ દિવસ ઝુંબેશ હાથ ધરાશે

ડીસા, તા. ૨૮

ડીસા નગરપાલિકા દ્વારા શહેરના જાહેર રાજ માર્ગોને અવરોધતા કાચા-પાકા દબાણો દુર કરવાં આજથી ત્રણ દિવસની દબાણ ઝુંબેશ હાથ ધરાયેલ છે. જેમાં આજરોજ પાલિકાના દબાણ સેલ દ્વારા કડકાઈએ કાર્યવાહી હાથ ધરી લાયન્સરોડ સહીતના દબાણોમાં પચાસ ઓટલા અને સાહીઠ જેટલા દુકાનોના શેડ તોડી પડાયાં હતાં. જેનાંથી રસ્તાઓ પર દબાણ કરનાર દબાણ દારોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

આ દબાણ ઝુંબેશ બાબતે માહીતી આપતાં પાલિકા દબાણ શાખાના અધિકારી મનોજભાઈ પટેલે જણાવેલ કે " ડીસામાં સ્વર્ણીમ જયંતી યોજના તળે પાલિકા દ્વારા અનેક વિકાશલક્ષી કામો હાથ ધરાયેલ છે. જેમાં શહેરના મુખ્ય ત્રણ રાજમાર્ગો સરસ્વતી હોટલથી રીસાલા મસ્જીદ તેમજ લાયન્સ હોલથી ચંદ્રલોક રોડ અને પાટણ હાઈવેથી ગવાડી વિસ્તાર રોડનાં કામો શરૂ કરવામાં આવશે. આ તમામ રાજમાર્ગો પરનાં દબાણો હટાવવા પાલિકા પ્રમુખની સુચનાએ ત્રણ દિવસની દબાણ હટાવો ઝુંબેશ રાખવામાં આવેલ છે. જેમાં આજરોજ આ રોડ પરના દબાણો પૈકીના પચાસ ઓટલા અને સાહીઠ શેડ દુર કરાયા છે. જ્યારે દંડનીય કાર્યવાહીમાં દોષીતો પાસેથી રૂા. ૧૨ હજારનો દંડ વસુલાયો છે. " તેવું જણાવ્યું હતું. આજરોજ પાલિકા દ્વારા કડકાઈએ દબાણ દુર કરાતાં વહેપારીઓમાં અફરા-તફરી મચી ગઈ હતી. જોકે દબાણો દુર થતાં મુખ્ય રાજમાર્ગો પહોળા થયા હતાં. જ્યારે હજુપણ આ ઝુંબેશ બે દિવસ સુધી ચાલવાની હોઈ આ ત્રણેય મુખ્યરોડ પર દબાણ ધરાવતાં દબાણદારોમાં ભારે ભય ફેલાયો હતો.



## બાયડમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરાઈ

બાયડ તાલુકામાં પ્રજાસત્તાક પર્વની આઝાદીના રંગે રંગાઈને ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ સમગ્ર બાયડ શહરેની સ્કુલોમાં ભુલકાઓ અને બાળકો દ્વારા કડકડતી ઠંડીમાં પ્રજાસત્તાક પર્વ મનાવવાનો અનેરો ઉત્સાહ દેખાઈ રહયો હતો. ત્યારે બાયડ પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધીકારી સીધ્ધીબહેને ધ્વજ ફરકાવી સલામી આપી હતી તેમજ બાયડ મામલતદાર સી.બી.પ્રજાપતી પણ ઉપસ્થીત રહયા હતા. જયારે પી.એસ.આઈ. સી. કે. બાબરીયા પણ પોલીસ જવાનો સાથે ઉપસ્થીત રહી પરેડ સાથે સલામી ઝીલી હતી. જયારે બાયડની તક્ષશીલા વિદ્યાલય ખાતે સંચાલક દ્વારા નવતર પ્રયોગ અપનાવી સમગ્ર શાળાના બાળકોનો નામનો ડ્રો કરી તેમાંથી નીકળેલા બાળકના હાથે રાષ્ટ્રધ્વજ ફરકાવી એક નવો જ ચીલો પાડયો હતો. જયારે બાયડની સારસ્વત હાઈસ્કુલમાં પણ ધો ૧૦માં પ્રથમ આવેલ વિદ્યાર્થીના હાથે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મે.ટ્રસ્ટી સમીર મીરઝાં, આચાર્યશ્રી એ.કે.બલોચ તેમજ સ્ટાફ ઉપસ્થીત રહયો હતો. જયારે બાયડની એ.એચ.શાહ હાઈસ્કુલ અને નાનીબા હાઈસ્કુલમાં પણ ધ્વજવંદન કરવામાં આવ્યો હતો.

## પ્રાંતિજ પાલિકાની ચૂંટણી માટે ફોર્મ ચકાસણીમાં નવ ફોર્મ ૨૬ : ૬૮ ઉમેદવારો મેદાનમાં

પ્રાંતિજ, તા.૨૮

પ્રાંતિજ નગરપાલિકાની ચુંટણી તા. ૧૦ ફેબ્રુઆરીએ યોજાનારી છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકા હસ્તગત કરવા માટે ભાજપ કોંગ્રેસ તેમજ અપક્ષો મળી કુલ ૭૭ જેટલા ઉમેદવારોએ વિવિધ વોર્ડમાંથી ઉમેદવારી નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ આજ રોજ હિંમતનગરના નાયબ કલેકટર તેમજ ચુંટણી અધિકારી રિકેશ પટેલની હાજરીમાં અને ઉમેદવારોની ઉપસ્થિતિમાં ફોર્મ ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૭૭ ઉમેદવારી પત્રોમાંથી ૯ જેટલા ઉમેદવારીપત્રો અલગ કારણો તેમજ ક્ષતિઓને કારણે રદ થયા હતા. ૬૮ ઉમેદવારોના ઉમેદવારી પત્રો માન્ય રહેતા તેમની વચ્ચે સીધો ચુંટણી જંગ છે. તેમજ તા. ૨૯ જાન્યુઆરીના રોજ ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ હોવાથી કેટલા ફોર્મ પરત ખેંચાય છે તે પછી ચિત્ર સ્પષ્ટ થશે. ઉમેદવારી પત્રો રદ થવાના મુખ્ય કારણોમાં ડબલ સહીઓ તેમજ ટેકનીકલ ખામીઓ અને ૪ બાળકોના કારણે પણ ફોર્મ રદ થયા હતા તેમ ચુંટણી અધિકારી રિકેશ પટેલે જણાવ્યું હતું.

## હિંમતનગરમાં બંધ દુકાનમાં ચોરી

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના સિવિલ સર્કલ પાસે આવેલ એક બંધ દુકાનમાં તસ્કરો ત્રાટકીને ૪૧ હજારથી વધુની મત્તાની ચોરી કરી લઈ ગયા અંગેની હિંમતનગર ટાઉન પોલિસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ૨૫મી જાન્યુઆરીની રાત્રીના સમયે હિંમતનગરના સિવિલ સર્કલ પાસે આવેલ સુમેરુ કોમ્પ્લેક્ષમાં વિનોદકુમાર ફૂલચંદભાઈ જૈન સાડીઓ અને કટલરીની દુકાનના શટરનું તાળું તસ્કરોએ તોડી અંદરથી સાડીઓ અને ઈમ્પોર્ટેડ બંગડીઓના બોક્ષ નંગ-૫૧ મળી કુલ રૂ. ૪૧૯૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ જે અંગે હિંમતનગર ટાઉન પોલિસ મથકે વિનોદકુમાર જૈનએ ફરિયાદ નોંધાવી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં બે સગીરાના અપહરણના બનાવો

હિંમતનગર, તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના બે અલગ અલગ સ્થળોએ બે સગીરાના અપહરણ કરેલાના બનાવો જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ હિંમતનગર તાલુકાના કેશરપુરા ગામની સીમમાંથી ૩૦મી ડીસેમ્બર ૨૦૧૨ના રોજ દિવસના ૧૧ વાગેના સુમારે ગામડી ગામના અર્જુનસિંહ પ્રભાતસિંહ નાયકાની ૧૫ વર્ષીય સગીરાને લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી સગીરાનું અપહરણ કરી લઈ ગયેલ જે અંગે ગાંભોઈ પોલીસ મથકે સગીરાની માતાએ મથકે ફરિયાદ નોંધાવી હતી જયારે બીજો બનાવ બાયડ તાલુકાના ગઢકમ્પા ગામેથી ૩જી જાન્યુઆરીના રોજ રાત્રિના સમયે ગામની એક ૧૪ વર્ષીય સગીરાનું ગામના નાનજીભાઈ ભાઈલાલભાઈ નાયકએ લલચાવી ફોસલાવીનો લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયેલ જે અંગે બાયડ પોલીસ મથકે સગીરાના પિતાએ ફરિયાદ નોંધાવી હતી.

## બનાસકાંઠા ભાજપ દ્વારા પાલનપુરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ

બનાસકાંઠા, તા.૨૮

ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જિલ્લા કાર્યાલય પાલનપુર ખાતે ૬૪માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને નાગરિકો હાજર રહ્યા હતાં.

આ રાષ્ટ્રીય પર્વે જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. મોગરાના વરદ હસ્તે ત્રિરંગો લહેરાવવામાં આવ્યો હતો અને ઉપસ્થિત સર્વેએ રાષ્ટ્રગીત ગાઈ ધ્વજને સલામી આપી હતી. ઉપરાંત કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ મોગરાએ કાર્યકરોને પ્રજાસત્તાક પર્વે શુભેચ્છા પાઠવી આગામી જિલ્લા, તાલુકા, પંચાયત તથા નગરપાલિકાઓની ચૂંટણીના પાર્ટીને ભવ્ય વિજય અપાવવા કાર્યકરોને કામે લાગી જવા માર્ગદર્શન અને માહિતી આપી હતી.

આ પ્રસંગે પૂર્વ જિલ્લા પ્રમુખ હરેશ જાની, રાણાભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ, ગણપતભાઈ જોષી વગેરે આગેવાનો હાજર રહ્યા હતા.

## ડીસાના રસાણા નજીક મુખ્ય કેનાલમાં ટેન્કર ખાબક્યું

ડીસા, તા. ૨૮

ડીસાના રસાણા નજીક દાંતીવાડા ડેમમાંથી સીંચાઈ હેતુ પસાર થતી મુખ્ય કેનાલમાં આજે સવારે ૭ કલાકે ૨૦ હજાર લીટર ભરેલ એક ટેન્કર ખાબક્યું હતું. બે કાંઠે વહેતી કેનાલમાં અકસ્માતે પટકાયેલ આ ટેન્કરમાં ચાલક અને કંડકટર સવાર હતાં. જેઓ ટેન્કર સાથે એકાદ કીલો મીટર સુધી પાણીમાં તણાયા હતાં. જોકે સદનસીબે આ ટેન્કર નહેર વચ્ચે આવતાં પુલીયા સાથે અથડાતાં આગળ જતું રોકાયું હતું. જે બાદ સ્થાનીકોએ કાચ તોડી ચાલક અને કંડકટરને ભારે જહેમતે રાહત અને મદદ પહોચાડી ટેન્કરની બહાર કાઢ્યા હતાં. જેમાં કંડકટરને ઈજાઓ હોઈ સારવાર અર્થે ડીસાની સરકારી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટનાની વિગતો જોઈએ સીધ્ધપુર આઈ.ઓ.સી. ડેપોમાંથી ટેન્કર નં. આર.જે. ૨૨.જી.એ. ૦૩૬૧નાં ચાલક સૈયદ ઈમ્તીયાઝ હૈદરભાઈ રહે. નંદાસણ જી. મહેસાણાવાળા ૨૦ હજાર લીટર ડીઝલ ભરી ભીલડી આપવા જઈ રહ્યો હતો. આ ટેન્કરમાં ચાલક સાથે ક્લીનર પણ સવાર હતો. આસરે સવારે ૭,૩૦ વાગ્યા આસપાસ આ ટેન્કર રસાણાગામ પાસેની નહેર નજીક પહોંચતા એક લોડીંગ રીક્ષા રોડ સાઈડમાં પડેલ હોઈ તેને અથડાતા બચાવવા જતાં ટેન્કર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. અને આ ટેન્કર સીધુજ નહેરના ઉંડા પાણીમાં ખાબક્યું હતું. પાણીમાં ૨૦ હજાર લીટર ડીઝલ સાથે ખાબકેલું આ ટેન્કર વહેતા પાણીમાં આશરે એકાદ કી.મી. ઘસેડાયું હતું. જોકે તે બાદ નહેર વચ્ચે આવતા લોખંડના નાનકડા નાળા સાથે ટ્રક અટકાઈ ગઈ હતી. જે તકનો લાભ લઈ ચાલક અને ક્લીનર કાચ તોડી ટ્રકની બહાર આવ્યા હતાં. જેને સ્થાનિક રહીશોએ રાહત અને મદદ પહોંચાડી બચાવ્યા હતાં. આ અકસ્માતમાં ક્લીનર ઘવાયો હતો. જેને ડીસાની સરકારી હોસ્પીટલમાં સારવાર અપાઈ હતી.



## એન.ડી.આર.એફ. દ્વારા પ્રજાસત્તાક દિને લાઈવ શૉ યોજાયો

હિંમતનગર, તા. ૨૮

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા રાજયકક્ષાએ ટીમ રચવામાં આવી છે. જેનું નામ એન.ડી.આર.એફ. છે. કોઈ પણ પ્રકારની કુદરતી કે માનવ સર્જિત આપત્તિમાં બચાવકાર્ય કેવી રીતે કરવું તેનું જીવંત પ્રદર્શન ટીમ દ્વારા પ્રજાસત્તાક પર્વના દિને હિંમતનગરમાં યોજેલ હતું. કમાન્ડર આર.એસ. ઝૂનના માર્ગદર્શન હેઠલ ડેપ્યુટી કમાન્ડર નેગી દ્વારા ઈન્સ્પેક્ટર દુબે અને યાદવ અને તેમની ૩૦ જવાનોની ટીમે બચાવ કાર્યનું જીવંત પ્રદર્શન યોજેલ હતું. ૧૦ પ્રકારના દશ્યોથી સમજણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત સામાજિક ન્યાય અધિકારતા વિભાગના મંત્રી રમણલાલ વોહાએ ખાસ અભિનંદન પાઠવ્યા હતા. ડિઝાસ્ટર શાખાના દમયંતીબેન અને કનુભાઈ પટેલ દ્વારા આયોજન ગોઠવેલ હતુ. અધિક કલેકટર એમ.જે. ઠક્કરના રાહબારી હેઠલ માર્ગદર્શન આપેલ હતું.

## બાયડ રીલાયન્સ પેટ્રોલ પંપ નજીક બાઈક-ટ્રક વચ્ચે અકસ્માત

બાયડ, તા. ૨૮

થોડાક દિવસો અગાઉ જ સમગ્ર ગુજરાત રાજયમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હોવા છતાં પણ સાબરકાંઠા જીલ્લામાં અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થવાની જગ્યાએ વધારો થવા પામ્યો છે. જયારે આજરોજ વહેલી સવારે ૮ વાગ્યાના સુમારે રીલાયન્સ પેટ્રોલ પંપ નજીક બાઈકસવાર પુરપાટ ઝડપે કપડવંજ બાજુથી આવતી ટ્રકના સાથે અથડાઈને ૧૦ ફુટ દુર ઉછળીને પડયો હતો. જયારે ટ્રકચાલકે બાઈકચાલકને બચાવવાની ભરપુર કોશીષ કરી હતી, છંતા પણ અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકસવાર ગંભીર રીતે ઘાયલ થયો હતો.



આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર વડાગામના ઉદેપુર ગામના વતની વહેલી સવારે કોઈ કામ અર્થે બાયડ તરફ આવતા હતા. પરંતુ રીલાયન્સ પેટ્રોલ પંપ નજીક અકસ્માત સર્જાયો હતો. જયારે આ અકસ્માત સર્જાયા પછી બાઈકસવાર ગંભીર રીતે ઘાયલ થયો હતો. જયારે સારવાર અર્થે ખસેડવા માટે ૧૦૮ ઈમરજન્સી સેવામાં ફોન કરતાં અડધા કલાકનો સમય વિતવા છતાંપણ ૧૦૮ના પહોચતા ઉપસ્થીત આજુબાજુના સ્થાનીક દુકાનદારોએ માનવતા દાખવી ઘાયલને સારવાર અર્થે વાત્રક ખસેડયો હતો. જયારે હાલ આ ઘાયલને સારવાર અર્થે અમદાવાદ ખસેડાયાનું જાણવા મળેલ છે.

## તલોદના બાલમંદિરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

તલોદ, તા.૨૮

તલોદમાં કોલેજ રોડ ઉપર આવેલા બાલમંદિરમાં ૬૪માં પ્રજાસત્તાક દિનની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. આમંત્રિત મહેમાનો, વાલીઓ, શાળાનો કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓની હાજરીમાં ધ્વજવંદન કરાયું હતું તેમજ આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ સુંદર આયોજન થયું હતું. પ્રસંગ અનુરૂપ શૈક્ષણિક કાર્યક્રમ પણ વિદ્યાર્થીઓ સાથે આયોજીત કરી અંગ્રેજી ભાષા અંગેનું મહત્વ અને તેના ઉચ્ચારોનો ગુજરાતી માધ્યમમાં ઉપયોગ અંગેની સમજ આપી હતી. આ રાષ્ટ્રીય ઉત્સવની વિદ્યાર્થીઓએ મનભરી મજા માણી આનંદ વ્યકત કર્યો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601